| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૪/૦૬/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૪૫ | ૧૧ | ૮૫૫૬ | ૧૪૬૫૪ | ૧૧ | ૧૪૬૬૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૯ | ૦ | ૪૨૨૯ | ૫૭૪૧ | ૦ | ૫૭૪૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૬૬૫ | ૩૮ | ૭૭૦૩ | ૮૬૭૨ | ૨૭ | ૮૬૯૯ |
| કુલ | | ૨૦૪૬૮ | ૪૯ | ૨૦૫૧૭ | ૨૯૨૬૬ | ૩૮ | ૨૯૩૦૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૮૪ | ૪૬,૮૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## સિવીલ હોસ્પિટલમાંથી કોરોના વાયરસના દર્દીઓના મોબાઇલ ચોરી કરનાર આરોપી તથા મુદ્દામાલ શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૦૭૫/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાના કામમાં ચોરીમાં ગયેલ એક વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૫૦૦૦/- ગણી શકાય તે આરોપી- મેહુલકુમાર સ./ઓ.મનુભાઇ કરશનભાઇ જાતે-નાડીયા ઉ.વ.૨૬ રહે.શિવશક્તિનગર લાઇન નં.૪ મેમ્કો ચાર રસ્તા પાસે, શહેરકોટડા, અમદાવાદ શહેરનાએ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસના કારણે છેલ્લા દસેક દિવસથી રાજદિપ કોન્ટ્રાકટમાં સાફ-સફાઇનું કિડની હોસ્પિટલમાં કામ મેળવી ઉપરોકત મોબાઇલ ચોરી કરી કબુલાત કરતા ગુનાના કામે તા.૧૩/૦૬/૨૦૨૦ ના કલાક.૨૦/૪૦ વાગે પકડી અટક કરી પોલીસ કસ્ટડી રીમાંન્ડની તજવીજ કરી ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** મેહુલકુમાર સ./ઓ.મનુભાઇ કરશનભાઇ જાતે-નાડીયા ઉ.વ.૨૬ રહે.શિવશક્તિનગર લાઇન નં.૪

મેમ્કો ચાર રસ્તા પાસે, શહેરકોટડા, અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** એક વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૫૦૦૦/- ગણી શકાય

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો પ્રદીપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮



## રામોલ પોલીસ સ્ટેશન :-

## ચોરીના મુદ્દામાલ સોનાના દાગીના લે-વેચ નો ધંધો કરતો અને છેલ્લા એક વર્ષથી ગુનામાં પકડવાનો બાકી આરોપી ને જડપી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર ના અલગ અલગ ત્રણ પોલીસ સ્ટેશનમાં પકડવાનો બાકી આરોપી ઝડપાયો

રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૮૫/૧૯ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭ ૩૮૦,૧૧૪ મુજબના ગુનાના આરોપીઓ નં.(૧) જોગીન્દરસીંગ ઉર્ફે કબીરસીંગ સંતોકસીંગ ચીખલીગર ઉ.વ.૪૨ રહે.નવીનગરી કસક પોલીસ ચોકીની પાછળ મેલડીમાતાના મંદિરની બાજુમાં ભરૂચ તથા (૨) જાગીરસીંગ ભોલાસીંગ ટાંક રહે, ભેસ્તાન હાઉસ સુરત નાઓને ઉપરોક્ત ગુનાના કામે પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા તેઓએ ચોરીએ ગયેલ મુદ્દામાલ સોનાના દાગીના મનીષભાઈ અમ્રતલાલ ઝીંઝુવાડીયા ઉવ:૪૭ રહે:બી/૬૫/૧૦૪ સ્વામીનારાયણ પાર્ક હરીદર્શન ચોકડી પાસે નવા નરોડા અમદાવાદ શહેર નાઓને વેચાણ કરેલ હોવાનુ જણાવેલ બાદ આજદીન સુધી ચોરીનો મુદ્દામાલ ખરીદનાર મનીષભાઈ અમ્રતલાલ ઝીંજુવાડીયા નાઓની અવાર નવાર તપાસ કરતા મળી આવેલ નહી બાદ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૧૧/૦૬/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા તેમજ પકડવાના બાકી આરોપીઓને પકડવા અલગ અલગ ટીમ બનાવી આરોપીઓની તપાસ કરતા પો.કો અજયસિંહ પ્રતાપસિંહ બ.નં.૩૮૩૨ તથા પો.કો યોગીરાજસિંહ પ્રધ્યુમનસિંહ બ.નં.૧૧૮૫૭ નાઓએ રામોલ પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુનાના કામના પકડવાના બાકી આરોપી મનીષભાઈ અમ્રતલાલ ઝીંઝુવાડીયા ઉવ:૪૭ રહે:બી/૬૫/૧૦૪ સ્વામીનારાયણ પાર્ક હરીદર્શન ચોકડી પાસે નવા નરોડા અમદાવાદ શહેર ને પકડી સદરી આરોપીને ગુનાના કામે અટક કરેલ છે.સદર આરોપીને મેઘાણીનગર તથા ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ચોરીનો મુદ્દામાલ ખરીદવાના ગુનામાં અટક કરવાનો બાકી છે.

## આરોપી મનીષભાઈ અમ્રતલાલ ઝીંજુવાડીયા નો ગુનાહીત ઈતીહાસ.

| અ.નં | પોલીસ સ્ટેશન | ગુ.ર.નં | કલમ |
|---|---|---|---|
| ૧ | બાપુનગર | ફ.૧૫૮/૧૫ | ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ |
| ૨ | શાહીબાગ | ફ.૮૩/૧૬ | ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ |
| ૪ | ઘાટલોડીયા | ફ.૮૩/૧૬ | ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ |
| ૫ | ગોમતીપુર | ફ.૮૪/૧૬ | ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ |
| ૬ | ઈસનપુર | ફ.૧૭૬/૧૯ | ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ |
| ૭ | પાસા(બાપુનગર) | પીસીબી/ડીટેન/ | ૭૧૧/૧૬ તા:૨૦/૧૨/૧૬ જામનગર જેલ |



# આર્મ્સ એકટ ગુનાનો આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

### આર્મ્સ એકટ્નો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં રથયાત્રાનો તહેવાર આવતો હોય જેથી ગેરકાયદેસર હથિયારની હેરાફેરી કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આર્મ્સ એકટ મુજબના ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટર શ્રી વી.આર.વસાવા સાહેબનાઓ ની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સા.શ્રી તરફથી રાખવામાં આવેલ કોમ્બીંગ ના.રા.માં તથા અત્રેના દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૬ /૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૦૭,૩૪ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી),એ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ફરિ.શ્રી મહમદસલીમ અબ્દુલખાલીદ રંગરેજ રહે : મ.નં.૧૮ હરિયાળીનગર ફૈસલનગર પો.ચોકીની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેરના ઓની ફરિયાદના કામે ફરિ.શ્રીની યુક્તિ પ્રયુક્તિ પુર્વક સઘન પુછપરછ દરમ્યાન ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ હથિયાર ફરિ.શ્રી પોતે બતાવતા હોય જે પંચોને સાથે રાખી સર્ચ કરતા હથિયાર તથા ખાલી કાર્ટીસ મળી આવેલ જે પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરેલ હોય અને નજીકમાં રથયાત્રાનો તહેવાર આવતો હોય જેથી અત્રેના પો.સ્ટે.વિસ્તારમાં આવેલ દાણીલીમડા બોમ્બે હોટલ ફૈસલનગર વિસ્તારમાં ઉતરપ્રદેશ તથા બિહાર તથા અન્ય રાજ્યના માણસો રહેતા હોય અને સદર વિસ્તારમાં આવા ગેરકાયદેસર હથિયારો છુપાવી રાખેલ હોવાની શંકા આધારે તેમજ ખાનગી હકીકત આધારે ફૈસલનગર વિસ્તારમાં રહેતા એચ.એસ.તથા ઉપરોકત ગુનાના ફરિ.શ્રીએ જણાવ્યા મુજબના તેમના મિત્રોના મકાનમાં સિનિ.પો.ઇન્સ.શ્રી વી.આર.વસાવા સા.શ્રી તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ તથા વન વ્હિકલ સ્ટાફના માણસો સાથે ફૈસલનગર વિસ્તારમાં કોમ્બીંગ કરતા ખાનગી હકીકત આધારે આરોપી <u>અલીહસન કૈયુમભાઇ અંસારી ઉ.વ.૪૫ રહે : એ/૨૪૭ ન્યુ ફૈસલનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર</u> ના મકાનમાં ઝડતી તપાસ કરતા તેના મકાનની અંદરથી એક <u>દેશી બનાવટની રિવોલ્વર કિ,રૂ,૩૦,૦૦૦/ તથા જીવતા કારતુસ નંગ-૧૬</u> કિ,રૂ,૩૨૦૦/ મળી આવેલ જે રિવોલ્વર તથા કારતુસ બાબતે સદરી ઇસમની પુછપરછ કરતા સદર હથિયાર <u>મોહમદસલીમ અબ્દુલખાલીદ રંગરેજ રહે : મ.નં.૧૮ હરિયાળીનગર ફૈસલનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર</u>નાએ સદર રિવોલ્વર તથા કારતુસ છુપાવી રાખવા સારુ આપેલ હોવાની હકીકત જણાવતા સદર હથિયાર તપાસના કામે કબજે કરી સદરી બંને ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પો.સ્ટે.બી પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૮/૨૦૨૦ થી આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી),બી,એ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## આર્મ્સ એક્ટ્નો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં રથયાત્રાનો તહેવાર આવતો હોય જેથી ગેરકાયદેસર હથિયારની હેરાફેરી કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આર્મ્સ એકટ મુજબના ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટર શ્રી વી.આર.વસાવા સાહેબનાઓ ની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સા.શ્રી તરફથી રાખવામાં આવેલ કોમ્બીંગ ના.રા.માં તથા અત્રેના દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૬/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૦૭,૩૪ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી),એ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ફરિ.શ્રી મહમદસલીમ અબ્દુલખાલીદ રંગરેજ રહે : મ.નં.૧૮ હરિયાળીનગર ફૈસલનગર પો.ચોકીની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેરના ઓની ફરિયાદના કામે ફરિ.શ્રીની યુક્તિ પ્રયુક્તિ પુર્વક સઘન પુછપરછ દરમ્યાન ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ હથિયાર ફરિ.શ્રી પોતે બતાવતા હોય જે પંચોને સાથે રાખી સર્ચ કરતા હથિયાર તથા ખાલી કાર્ટીસ મળી આવેલ જે પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરેલ હોય અને નજીકમાં રથયાત્રાનો તહેવાર આવતો હોય જેથી અત્રેના પો.સ્ટે.વિસ્તારમાં આવેલ દાણીલીમડા બોમ્બે હોટલ ફૈસલનગર વિસ્તારમાં ઉતરપ્રદેશ તથા બિહાર તથા અન્ય રાજ્યના માણસો રહેતા હોય અને સદર વિસ્તારમાં આવા ગેરકાયદેસર હથિયારો છુપાવી રાખેલ હોવાની શંકા આધારે તેમજ ખાનગી હકીકત આધારે ફૈસલનગર વિસ્તારમાં રહેતા એચ.એસ.તથા ઉપરોકત ગુનાના ફરિ.શ્રીએ જણાવ્યા મુજબના તેમના મિત્રોના મકાનમાં સિનિ.પો.ઇન્સ.શ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ.વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.ગોપાલભાઇ શિવાભાઇ બ.નં.૯૧૬૦ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ વિગેરે સ્ટાફના માણસો સાથે ફૈસલનગર વિસ્તારમાં કોમ્બીંગ કરતા ખાનગી હકીકત આધારે આરોપી જમાલુદીન સમસુદીન શેખ ઉ.વ.૩૧ રહે : સી/૧૮ શાહઆલમનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદવાદ શહેરના મકાનમાં ઝડતી તપાસ કરતા તેના મકાનની અંદરથી બે દેશી બનાવટના તમંચા કિ,રૂ,૨૦,૦૦૦/ તથા જીવતા કારતુસ નંગ-૧૦ કિ,રુ,૨,૦૦૦/ મળી આવેલ જે રિવોલ્વર તથા કારતુસ બાબતે સદરી ઇસમની પુછપરછ કરતા સદર હથિયાર મોહમદસલીમ અબ્દુલખાલીદ રંગરેજ રહે : મ.નં.૧૮ હરિયાળીનગર ફૈસલનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેરનાએ આપેલ હોવાની હકીકત જણાવતા સદર હથિયાર તપાસના કામે કબજે કરી સદરી બંને ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પો.સ્ટે.બી પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨ ૦૦૬૮૯/૨૦૨૦ ધી આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી),બી,એ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## આર્મ્સ એક્ટ્નો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં રથયાત્રાનો તહેવાર આવતો હોય જેથી ગેરકાયદેસર હથિયારની હેરાફેરી કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આર્મ્સ એક્ટ મુજબના ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટર શ્રી વી.આર.વસાવા સાહેબનાઓ ની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૬/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૦૭,૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી),એ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સિનિ.પો.ઇન્સ.શ્રી વી.આર.વસાવા સા.નાઓની સુચના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.એસ.ગોહિલના નેતુત્વ હેઠળ સર્વેલન્સ સ્કોડની અલગ અલગ બે ટીમો બનાવી ગુનાવાળી જગ્યાની આજુબાજુના રહીશોની પુછપરછ કરતા તથા આજુબાજુના સી.સી.ટી.વી.કેમેરાના ફુટેજ મેળવી લઇ સી.સી.ટી.વી.કેમેરા ચેક કરતા આવો કોઇ બનાવ બનેલ હોય તેવું જણાઇ આવેલ ન હોય જેથી આ કામના ફરિ.શ્રી તથા ભોગ બનનાર ઉપર શંકા ઉપજતા આ કામના ફરિ.શ્રીની પુછપરછ કરતા આ કામના ફરિ.શ્રીના ભાઇ (ભોગ બનનાર) નાએ તેની પાસેના દેશી બનાવટના તમંચા વડે પોતાની જાતે ખભા ઉપર ગોળી મારી દીધેલ હોય જેથી તેમના ભાઇ (ભોગ બનનાર) નાઓ વિરુધ્ધમાં કોઇ પોલીસ કાર્યવાહી ન થાય જેથી આ કામના ફરિ.શ્રી તથા તેમના ભાઈ (ભોગ બનનાર) નાઓએ સને-૨૦૦૮ ની સાલમાં દાણીલીમડા વિસ્તારમાં રહેતા બરકતઅલી રંગરેજનું ખુન કરેલ હોય જેથી તેઓ તથા નાસીર નજરમહમદ રંગરેજ તથા મોહસીન ઉર્ફે પતલી નાઓ વચ્ચે અંદરો અંદર ઝઘડા ચાલતા હોય જેથી આ કામના ફરિ.શ્રી તથા તેમના ભાઇ (ભોગ બનનારે) ખોટી ફરિયાદ દાખલ કરાવેલ હોય તેમ જણાવતા હોય અને તેમના ભાઇએ પોતાની જાતે દેશી તમંચા વડે ખભાના ભાગે ઇજા પહોચાડેલ હોય જે દેશી બનાવટનો તમંચો આ કામના ફરિ.શ્રીએ તેમના મકાનમાં છુપાવી રાખેલ હોવાની હકીકત જણાવતા આ કામના ફરિ.શ્રીએ પોતાના કબજાના મકાનમાં છુપાવી રાખેલ દેશી બનાવટનો તમંચો નંગ-૧ તથા ખાલી કારતુસ તપાસના કામે કબજે કરી આ કામના ફરિ.શ્રી તથા ભોગ બનનારે ખોટી ફરિયાદ દાખલ કરાવેલ તેમજ પોતાના કબજામાં ગે.કા.હથિયાર રાખેલ હોવાની હકીકત જણાઇ આવતા ફરિ.શ્રી તથા ભોગ બનનારને આરોપી બનાવી તેઓ વિરુધ્ધ તપાસ તજવીજ હાથ ધરી સત્ય હકીકત શોધી કાઢી આર્મ્સ એક્ટ મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# જુગરના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## તા.૧૩/૦૬/૨૦૨૦ નારોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન કુલ્લે રૂ.૩૫,૩૬૦/- ના મુદ્દામાલ સાથે જુગાર રમતા નવ ઇસમોને પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી -નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ શ્રી એ.એમ.પટેલ તથા સાથેના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે નરોડા પાટિયા સંજયનગરના છાપરા માહી એસ્ટેટ બ્રોકર નામની દુકાનની બાજુના મકાનમાં નરોડા ખાતે અમુક ઇસમો ગંજીપત્તાના પાના વડે પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે સદરી જગ્યાએ રેડ કરતાં નં.(૧) જયસિંહ મોહનસિંહ ઠાકોર ઉ.વ.૫૪ ધંધો-છુટક મજુરી રહે- મ.નં.૧૮ કુબેરદાસની જુની ચાલી સૈજપુર બોઘા નરોડા અમદાવાદ + ૮ = ૯ ઇસમોને રોકડ નાણા રૂ.૨૪,૩૬૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૪ કિ.રૂ ૧૧,૦૦૦/- ગંજી પાના નંગ- ૧૦૪ કી.રૂ.૦૦/- તથા કુલ્લે મુદામાલ કી.રૂ.૩૫૩૬૦/- નો મુદ્દામાલ કબજે કરી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કલાક ૧૪/૩૦ વાગે અટક કરી કાદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા-૧૩/૦૬/૨૦૨૦

**આરોપીનુ નામ -**

(૧) જયસિંહ મોહનસિંહ ઠાકોર ઉ.વ.૫૪ ધંધો-છુટક મજુરી રહે- મ.નં.૧૮ કુબેરદાસની જુની ચાલી સૈજપુર બોઘા નરોડા અમદાવાદ (૨) મહેશભાઇ બાબરભાઇ દેસાઇ ઉ.વ.૩૮ રહે- મ.નં.૧ ખોડિયારનગર જલદીપ સોસાયટી સામે ગાયત્રી સ્કુલ રોડ નિકોલ અમદાવાદ તથા (૩) તુષારભાઇ ભરતભાઇ પટેલ ઉ.વ.૨૩ રહે- મ.નં. સી/૫૦૩ રામવિલા હાઇટ્સ ગોપાલચોક નિકોલ અમદાવાદ તથા (૪) નરેશભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા ઉ.વ.૩૪ રહે- ગરીબનગરના છાપરા ૧૩૭ બસ સ્ટેન્ડ છેલ્લા પાસે બાપુનગર અમદાવાદ તથા (૫) શૈલેશભાઇ નટવરભાઇ વાઘેલા ઉ.વ.૪૦ રહે- ગરીબનગરના કાચા છાપરા ૧૩૭ છેલ્લા બસ સ્ટેન્ડ પાસે બાપુનગર અમદાવાદ શહેર તથા (૬) પ્રેમપાલસિંહ લાયકસિંહ તોમર ઉ.વ.૫૨ રહે- મ.નં.૨૨૬ હરસિધ્ધ સોસાયટી પંચવટી એસ્ટેટના પાછળ સૈજપુર ટાવર કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા (૭) મનોજભાઇ દિવાનસિંહ રાજપુત ઉ.વ.૩૦ રહે- શાંતિનિવાસની ચાલી વિજય મિલ પાસે નરોડા રોડ શહેરકોટડા અમદાવાદ શહેર (૮) ગીરીશભાઇ છોટાલાલ અગ્રવાલ ઉ.વ.૪૦ રહે- મ.નં.૩૨/૯૯૫ ચિત્રકુટ આવાસ યોજના કૃષ્ણનગર અમદાવાદ (૯) જીતેન્દ્રભાઇ ઉર્ફે સારદાપ્રસાદ સ/ઓ કેશવલાલ પાન્ડે ઉ.વ.૩૮ રહે- મ.નં.૭ ગજાનંદનગર આમ્રપાલી સિનેમા રોડ ગોમતીપુર અમદાવાદ

**મુદ્દામાલ –** રોકડ નાણા રૂ. ૨૪,૩૬૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૪ કિ.રૂ ૧૧,૦૦૦/- તથા ગંજી પાના નંગ- ૧૦૪ કી.રૂ.૦૦/- તથા કુલ્લે મુદામાલ કી.રૂ.૩૫૩૬૦/-

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૭૦૩૯ તથા પો.કો.પ્રદિપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા લો.ર.મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૭૮૯/૨૦૧૮ તા.૨૮/૦૮/૨૦૧૮ થી પાસા અટકાયતી શ્રી મોન્ટુ સ/ઓ શૈલેષગીરી અમરતગીરી ગોસ્વામી ઉ.વ.૨૫ ધંધો.નોકરી રહે.હિમાંશુ પાર્ક સ્વામી નારાયણ કોલોની પાછળ ખોખરા અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૩/૦૬/૨૦૨૦ ના ક.૧૮/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૬૦ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૨,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૦

**સેટેલાઇટઃ** સુરેશકુમાર દેવાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૦) (રહે. રાજપથ બંગ્લોઝ, નિગમ સોસાયટી રોડ, ઘોડાસર) એ તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશકુમાર પ્રજાપતિની દેવ ઇ.આર.પી. સોલ્યુશન પ્રા.લી. નામની કંપનીમા પહેલા એમ્પલોઇ તરીકે નોકરી કરતા હતા. જેઓએ તા.૩૦/૧૧/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ જોધપુર સ્ટાર બજારની સામે સેન્ટેરોની સ્કવેર ૪૦૪ ખાતેથી આરોપી (૧) રાકેશ ગોરધનભાઇ પટેલ (રહે. સાગર એન્કલેવ ભાગ્યલક્ષ્મી બંગ્લોઝની બાજુમા ચાંદલોડીયા) (૨) દિપક પંચાલ (રહે. શ્વેતા એવન્યુ વંદેમાતરમ સીટી પાછળ એસ.જી.હાઇવે) (૩) હિરેન પટેલ (રહે. સાગર એન્કલેવ ભાગ્યલક્ષ્મી બંગલોઝ સામે આર.સી.ટેકનીકલ રોડ ચંદલોડીયા) (૪) સલીમ બિસ્વાસ (રહે. ઘોધ્ટા મુર્શીદાબાદ, પશ્ચિમ બંગાળ) (૫) દર્શન શાહ (રહે. લાંભા અમદાવાદ) (૬) પાર્થ વસિટા (રહે. આશિર્વાદ ફ્લેટ કેશરીયાજી સોસાયટીની બાજુમા વાસણા) એ ભેગામળી સુરેશકુમાર પ્રજાપતિની કંપનીની ઓફીસમાંથી તથા ગ્રાહકોના સર્વરમાંથી પેન ડ્રાઇવ અને હાર્ડડીસ્ક તથા નેટવર્કીંગ દ્વારા કંપનીએ બનાવેલ ઇ.આર.પી. સોફ્ટવેર અને તેની સબ પ્રોડક્ટસ તથા સોફ્ટવેર ટુલ્સ તથા સોર્સ કોર્ડ તથા ડેટા સ્ટ્રક્ચર અને ડેટા બેઝ સાથે કંપની બહાર લઇ જઇ અન્ય કંપનીઓને વેચાણ કરી કંપનીને આશરે રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- આર્થિક નુકશાન પહોચાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એસ.જે.બલોચ ચલાવે છે.

**સાયબર ક્રાઈમ**: વિશ્વમોહન સચિદ્દાનંદ ઠાકુર (ઉ.વ.૫૭) (રહે. વોટર લીલી અદાણી શાંતિગ્રામ વૈષ્ણોદેવી સર્કલ સરખેજ ગાંધીનગર હાઇવે) એ તા.૧૩/૦૬/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૦ સાજના ૫/૦૦ થી આજદીન સુધી ના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૮૪૫૧૦૮૦૬૮૭ તથા મોબાઈલ નંબર ૯૩૨૪૯૯૨૧૩૧ તથા મોબાઈલ નંબર ૯૩૨૪૯૦૪૫૫૬ ના ધારકોએ તેમજ Email ID varun@191airtel.in તેમજ Email ID varun@121airtel.com ઉપયોગ કરનાર એ પોતે એરટેલ કંપનીમાંથી વાત કરતા હોવાનો ભરોષો આપી વીઆઇપી ચોઇસ નંબરની લાલચ આપી ભારતી એરટેલના બનાવટી ઇનવોઇસ ઇમેલથી મોકલી સિમકાર્ડ પેટે રૂપિયા ૫૯,૦૦૦/- બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા ધારક ભારતી એરટેલ લીમીટેડ એકાઉંટ નંબર ૬૦૩૪૯૧૭૧૧૯૯ ભાવનગર IFSC -MAHB0000404 માં ભરાવડાવી આજદીન સુધી સિમકાર્ડ કે ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૦**

**વેજલપુર**: રીયાઝભાઇ સીરાજુદ્દીન શેખ (રહે: અજીમપાર્ક વિભાગ-૨ ગોકુલધામ પાછળ જુહાપુરા) એ તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી કલાક ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ધાબાના ઉપરના કેબીનના દરવાજામાથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી બે ડ્રોઅરના તાળા તોડી રોકડ રૂપિયા ૧૭,૮૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

**નવરંગપુરા**: રોહનભાઈ રતનભાઈ અસરાની (રહે. તક્ષશીલા નાલંદા કોમ્પલેક્સ પાછળ વસ્ત્રાપુર) એ તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૦ સાજના ૭/૦૦ થી તા.૧૩/૦૬/૨૦૨૦ સવારના ૯/૧૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સી.જી. રોડ પહેલો માળ ઓમ કોમ્પલેક્સ ખાતે પોતાની દુકાનના શટરના તાળા તથા ચંદન કોમ્પલેક્સમા ઈનવોગ નામની દુકાન ધરાવતા સાહેદ નાઓની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનોમા પ્રવેશ કરી ચાંદીના સિકકા કુલ ૧૪ , સોનાની ગીન્ની ૧ અને રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૦**

**ઓઢવઃ** સોની ઉર્ફે સીમરન વા/ઓફ વિકાસસિંગ સિંગ (ઉ.વ.૨૩) (રહે. વિદ્યાનગર સોસાયટી ભીક્ષુક ગ્રુહ પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળે ફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**બાપુનગરઃ** સંજયભાઇ અશોકભાઇ પટણી (રહે. મોહનનગર વિભાગ-૨ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.રાઓલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી